ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ ભૌતિક પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઇ કરવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રં. પરચ / ૧૦૨૦૦૮ / (૬૧) / સ
તા.૨૭-૧૧-૨૦૦૮.

## પરિપત્ર :

ટેન્ડરમાં અસામાન્ય ઊંચા કે નીચા ભાવો ઇજારદારશ્રીઓ દ્વારા ઘણી વાર ભરાતા હોવાનું સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે. આવા કિસ્સાઓમાં કામની નાણાંકીય પ્રગતિ અને ભૌતિક પ્રગતિનો સુમેળ ન રહેવાની સંભાવના રહેલી છે. આથી કામની ભૌતિક પ્રગતિ પ્રમાણે નાણાંકિય પ્રગતિ રહે કે જેથી સરકારશ્રી પર સમય વહેલાં અયોગ્ય નાણાંકીય બોજ ન પડે તે માટે નીચે મુજબની જોગવાઇ ટેન્ડરમાં કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ જોગવાઇ તમામ કામોના આ પરિપત્રની તારીખ પછી મંજૂર થતાં ડી.ટી.પી. માં અચૂક પણ કરવાની રહેશે.

## જોગવાઇ :

જે કોઇ આઇટમનો ભરેલ ભાવ તે આઇટમના ટેન્ડરમાં મૂકેલ અંદાજી ભાવ કરતાં ટેન્ડરમાં મૂકેલ અંદાજી રકમથી સમગ્ર ટેન્ડર જેટલા ટકા ઉંચુ કે નીચું મંજુર થયું હોય તે ટકાવારીથી ૧૦% થી વધુ ઉંચો રહેતો હોય તેવી આઇટમનું ચૂકવણું રનીંગ બીલ વખતે જે તે આઇટમના અંદાજી ભાવ +/- મંજૂર ટેન્ડરની ટકાવારી + તે આઇટમના અંદાજી ભાવની ૫% ની મર્યાદામાં કરવામાં આવશે. આ રીતે વીથહેલ્ડ રાખેલ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયે ફાઇનલ બિલ મંજૂર કરતી વખતે વ્યાજભારણ વગર છૂટી કરવામાં આવશે.

ઉક્ત જોગવાઇની સ્પષ્ટ સમજણ માટે આ સાથે આપેલ ઉદાહરણ ધ્યાને લેવું.

| | | |
|---|---|---|
| ૧. | ટેન્ડરમાં મૂકેલ અંદાજી રકમ | રૂા.૧૦૦/- |
| ૨. | મંજૂર થયેલ ટેન્ડરની રકમ | રૂા.૧૧૦/- |
| ૩. | ટેન્ડરમાં મૂકેલ અંદાજી રકમ સામે ખરેખર મંજૂર થયેલ ટેન્ડરની ટકાવારી | રૂા.૧૦% |
| ૪. | ટેન્ડરની એક આઇટમનો ટેન્ડરમાં મૂકેલ અંદાજી ભાવ | રૂા.૧૦/- |
| ૫. | તે આઇટમનો ભરેલ ભાવ | રૂા.૧૪/- |
| ૬. | તે આઇટમમાં ભરેલ ઊંચા ભાવની ટકાવારી | ૪૦% |
| ૭. | તે આઇટમ માટે રનીંગ બીલ વખતે ચૂકવવાપાત્ર ભાવ | રૂા.૧૦ + કોલમ-૩ પ્રમાણે ૧૦% ઊંચા + અંદાજી ભાવના ૫% = રૂા.૧૧.૫૦ |
| ૮. | ફાઇનલ બિલ વખતે વ્યાજ ભારણ વગર ચૂકવવાપાત્ર થતો વીશ હેલ્ડ રાખેલ ભાવ. | રૂા.૧૪.૦૦ - રૂા.૧૧.૫૦<br>રૂા.૨.૫૦ |

જો સદર આઇટમના ભાવ રૂા.૧૨/- કે તેથી નીચે ભરેલ હોત તો રનીંગ બિલમાં ભાવ કપાત આ જોગવાઇ મુજબ કરવાની રહેતી નથી.

સહી/-

(આર.કે ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ,
તમામ કાર્યપાલક ઇજનેરશ્રીઓ, મા.મ. વિભાગ

નકલ રવાના :
૧. સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મા.મ. વિભાગ.
૨. તમામ મુખ્ય ઇજનેરશ્રી અને અ.સ.શ્રી મા.મ. વિભાગ.
૩. તમામ તાંત્રિક ઉપસચિવશ્રીઓ, મા.મ. વિભાગ
૪. ના.કા.ઇ.શ્રીઓ, મા.મ. વિભાગ પ્રે.પર
૫. નાણા શાખા, મા.મ. વિભાગ
૬. ના.સે.અ. સિલેક્ટ ફાઇલ
૭. શાખા સિલેક્ટ ફાઇલ.

ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ ઉપર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ, ભૌતિક પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઇ કરવા બાબત.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

"જલસેવા ભવન" એરફોર્સ સ્ટેશન સામે, સેકટર-૧૦-એ ગાંધીનગર.

પરિપત્ર નં. એબી/સીમે-૧-૨/૧૧-૧૨/ફા.નં.પ૨/૧૬૯૨

તા. ૧૬/૧૧/૨૦૧૧

**પરિપત્ર :-**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, હસ્તકના કામોના ટેન્ડરોમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચમાં નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ ભૌતિક પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઇ કરવા બાબતે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક પરચ/૧૦૨૦૦૮/(૬૧)/સ, તા. ૨૭-૧૧-૨૦૦૮ (નકલ સામેલ છે.) ની જોગવાઇઓ લાગુ પાડી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના બી-૧ ટેન્ડરોમાં નીચે દર્શાવ્યા મુજબની શરતોનો કલોઝ રાખવા બોર્ડની દરેક ક્ષેત્રિય કચેરીઓને જણાવવામાં આવે છે.

**Clause 1-A: Additional Security to be withheld for unbalanced rates:** If contractor has quoted unbalanced rates for items i.e. more then 10(Ten) percent of the overall percentage of accepted tender, the payment of such items in the running bills will be made at estimated rate of that item plus or minus overall variation percentage of the accepted tender plus five percentage of the estimated rate of that item. The balance amount as per accepted tender rate will be withheld from running bills and will be released on satisfactory completion of work in the final bill. No interest will be payable for such withheld amount (R & B Deptt. Circular No. PARACH/102008/ (61)-C dated 27-11-2008)

S.E. P.H. CIRCLE
G.W.S.S.B.
RAJKOT
No :- 6800
Date 29-11-2011
S.E.
D.E.

(પાછળ)

વધુમાં ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના તા. ૨૭-૧૧-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક પરચ/૧૦૨૦૦૮/(૭૧)/સ ની નકલ પણ ટેન્ડર સાથે સામેલ કરવા જણાવવામાં આવે છે.

ઉકત પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.
ફાઇલ ઉપરની સભ્ય સચિવશ્રીની મંજૂરી છે.

(બી.એમ.ચાવડા)
નાણાં નિયંત્રક

પ્રતિ,

- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧/૨/૩/૪/યાંત્રિક/મટીરીયલ-પ્રોકયોરમેન્ટ/મોની-પ્લાં/ વડોદરા/અમદાવાદ/રાજકોટ/કચ્છ-ભુજ/ગાંધીનગર.
- પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એડીબી/અર્બનસેલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સે.૧૫. ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે)

<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>

- માન.અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના</u>

- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- સીનીયર મેનેજરશ્રી (ના/હિ) સર્વે

/ / ગુજરાત પણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ / /
અધિક્ષક ઇજનેરની કચેરી,
જાહેર આરોગ્ય વર્તુળ,
જૂની કલેકટર કચેરી કંપાઉન્ડ ,જુની વેસ્ટ હોસ્પીટલ ,રાજકોટ-૧
ફોન (૦૨૮૧) ૨૪૪૨૩૧૫/૨૪૫૫૬૪૧ ફેકસ નં.૦૨૮૧-૨૪૫૯૬૮૮
E-mail:sephcrjt@gmail.com

નં.એબી/ટેન્ડર/ તા . / /

પ્રતિ,
કાર્યપાલક ઇજનેર શ્રી
જા.આ.બા.વિ.નં.૧/૨, પ્રો.મો.યુનીટ સુ.નગર/સીવીલ યુનીટ વાંકાનેર (રાજકોટ)
રાજકોટ/જામનગર/મોરબી/સુરેન્દ્રનગર/લીંબડી
નાયબ કાર્યપાલક ઇજનેર શ્રી
જા.આ.સુ.પે.વિ.
૧/૨ રાજકોટ/ગોંડલ/જસદણ/જેતપુર/ધોરાજી/ઉપલેટા
૧/૨/3 મોરબી/વાંકાનેર/જામનગર/ધ્રોલ/કાલાવડ
ખંભાળીયા/ધ્વારકા/ભાણવડ/જાજોધપુર/સીવીલ યુનીટ રાજકોટ
૧/૨ સુરેન્દ્રનગર/પાટડી/ધ્રાંગધ્રા/લીંબડી/સાયલા

વિષયઃ- ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ ઉપર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ, ભૌતિક પ્રગતિ સાથે સુમેળ રહે તે માટે જરુરી જોગવાઇ કરવા બાબત.

સંદર્ભઃ- ૧)માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરના પરિપત્રક્રમાંક/પરચ/૧૦૨૦૦૮/(૬૧)/સ તા.૨૭-૧૧-૦૮
૨) બોર્ડ કચેરી ગાંધીનગરના પરીપત્ર નં.એબી/સીમે-૧-૨/૧૧-૧૨/ફા.નં.પ૨/ ૭૬૯૨તા.૧૬-૧૧-૨૦૧૧

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે સંદર્ભીત પત્ર ૧ થી માર્ગ અને મકાન વિભાગમા માંગવામા આવતા ટેન્ડરમા ભરાઇ ને આવતા ટેન્ડરમા અસામાન્ય ઉંચા આવતા હોઇ તેના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા કામ અન્વયેના રનીંગ બિલની ચુકવણી વખતે ખાસ પધ્ધતિ દ્વારા ચુકવણી કરવાની કાર્યપ્રણાલી અપનાવવામા આવેલ છે. જે અન્વયે બોર્ડ કચેરી દ્વારા બોર્ડ દ્વારા માંગવામા આવતા ટેન્ડરોમા પણ આ પ્રકારની જોગવાઇ રાખવા નુ સંદર્ભ-૨ ના પરિપત્ર થી ઠરાવેલ હોઇ હવે માંગવામા આવતા દરેક બી-૧ ટેન્ડરોમાં સંદર્ભ-૨ થી સુચવવામા આવેલ શરતનો કલોઝ ની જોગવાઇ રાખી તે પ્રમાણે બિલનુ ચુકવણુ કરશો.

બિડાણઃ સંદર્ભીત પરીપત્રો

(એ.જી.વનરા)
અધિક્ષક ઇજનેર